જિલ્લા નાયબ નિયામક (વિકસતી જાતિ)ની કચેરી
જિલ્લા સેવા સદન, જુની કોર્ટ બિલ્ડીંગમાં, બહુમાળી ભવન કેમ્પસ, નાનપુરા,
સુરત
ફોન/ફેક્સ : ૦૨૬૧-૨૪૬૦૬૯૮ e-mail : d.dnsurat@gmail.com


નં.જિનાનિ/વિ.જા/જાતિ પ્રમાણપત્ર/૨૦૨૩-૨૪/ ૮૯ તા. ૦૪/૦૫/૨૦૨૩

પ્રતિ,

આચાર્યશ્રી

માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા, સુરત સીટી તમામ જી.સુરત

વિષય :- સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત જાતિના જાતિ પ્રમાણપત્ર બાબત.

જયભારત સહ ઉપરોક્ત વિષય અંગે જણાવવાનુ કે અત્રેની કચેરીના પરિપત્ર ક્રમાંક:-જિનાનિ/વિ.જા./ જાતિ પ્રમાણપત્ર/૨૦૨૨-૨૩/૭૪૪ થી ૭૯૩ તા.૨૦/૦૭/૨૦૨૨ થી સુરત શહેરી વિસ્તારના સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વર્ષ ૨૦૨૨-૨૩માં ધોરણ ૯, ૧૦ અને ધોરણ ૧૨માં-અભ્યાસ કરતા વિધાર્થીઓ અને વિધાર્થીનીઓને શાળા મારફત જાતિ પ્રમાણપત્ર આપવા બાબતે તા. ૨૨/૦૮/૨૦૨૩૨ થી તા. ૦૫/૦૯/૨૦૨૨ દરમ્યાન એસ્લીઓસ શાળામા કેમ્પ કરી વિગતવાર પરિપત્ર કરી કેમ્પમા તેમજ ત્યાર બાદ જાતિ પ્રમાણપત્ર મેળવવાની દરખાસ્તો અત્રેની કચેરીને .મેળવવામા આવેલ હતી.

જે બાબતે જણાવવાનુ કે કેમ્પમા મળેલ દરખાસ્તો પૈકી જે શાળાઓને અત્રેની કચેરીમાથી જાતિ પ્રમાણપત્ર આપવામા આવે તે શાળાઓએ વિધાર્થીઓને આપવામા આવતા શાળા છોડયાના અસલ પ્રમાણપત્રની પાછળ નીચે મુજબની વિગતો દર્શાવીને શાળાનો સહી સિક્કો કરવાનો રહેશે.

શાળા મારફત જાતિ પ્રમાણપત્ર નં ................ તા. ......................થી
ઇસ્યુ કરવામા આવ્યુ

સહી
આચાર્ય
શાળાનુ નામ

જે શાળાઓએ શાળા મારફત જાતિ પ્રમાણપત્ર મેળવવાની જે વિધાર્થીની દરખાસ્ત કરી હોય તે વિધાર્થીઓને અત્રેની કચેરીમાંથી વ્યક્તિગત જાતિ પ્રમાણપત્ર મેળવવા માટે શાળામાંથી બોનોફાઇડ પ્રમાણપત્ર ઇસ્યુ કરવુ નહિ. કારણકે તેનાથી જાતિ પ્રમાણપત્ર ડબલ વખત અપાઇ જવાની શકયતા છે.

(સહી)
જિલ્લા નાયબ નિયામક
(વિકસતી જાતિ) સુરત

નકલ સવિનય રવાના:-
જીલ્લા શિક્ષણાધિકારીશ્રી, સુરત તરફ જાણ તેમજ વેબ સાઇટ પર મુકવા અને તમામ શાળાઓને સુચના આપવા સારૂ

જા. નં. માધ્ય-૨/ ૬૦૧૭
જિ. શિ. કચેરી,
સુરત, જિ. સુરત
તા. ૫/૫/૨૦૨૩

પરિપત્ર

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત જિલ્લાની તમામ માધ્યમિક
ઉ. માધ્યમિક શાળાઓ તરફ
નકલ રવાના જાણ સારૂ

(સહી)
જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત, જિલ્લો, સુરત

CamScanner
Scanned with CamScanner